સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પ્રવેશ દેતા નો'તા, હવે આવવાના સાદ થાય છે,
દાદ દેતા નો'તા હવે તાલ-મેલના નાદ થાય છે,
સંવાદની છે પડાપડી, વિવાદ બાજૂએ મૂકીને -
દીઠા ન ગમતા હવે એના ડ્રેસના વાદ થાય છે.
(ફેસન આઇકોન મોદી)

હાઈકુ

આના કરતાં -
- જેલમાં શાંતિ હતી!!
- કેજરીવાલ..
('આપ'માં ડખા)

છે નવગુણ -
ન બોલવામાં અહીં -
બાબાનું મૌન..
(રામદેવ રૂસણે..)

ચિંતન

અસારે ખલુ સંસારે સુખ ભ્રાંતિઃ શરીરિણામ્ । બાલા પાન મિવાં ગુષ્ઠે બાલાનાં સ્તન્ય વિભ્રમઃ ॥

ભતૃહરિજી વૈરાગ્ય શતકમાં સુખની ભ્રાંતિ બાબત સમજાવે છે :

'જેમ બાળક ભ્રમથી પોતાના અગૂંઠાને ચૂસી-ચૂસી-ઘાવતાં ઘાવતાં પોતાના મુખમાંથી જ ઝરતી લાળ, ને માતાનું દૂધ સમજીને સંતોષની સુખભ્રમણા પ્રાપ્ત કરે છે તેમ, આ સંસારમાં મનુષ્યો પણ ખરેખર દુઃખરૂપ વિષયો-પદાર્થોમાંથી સુખ પ્રાપ્તિની ભ્રાંતિ જ પ્રાપ્ત કરે છે.'

સંસારી જનો વાસના-વ્યસનો, ભૌતિક સુખો, ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતું સુખ ભોજન વગેરે સ્વાદ-રસ-સુગંધ-દૃશ્ય વગેરેમાંથી ક્ષણિક સુખ પ્રાપ્ત થઇ શકે પણ અંતે તો તેનાથી ઉબકી-થાકી કે કંટાળી જ જવાય છે એ પરમ-સુખ-શાંતિ આપી નથી શકતાં ઉલ્ટું એની વિપરીત અસરથી રોગો અને મનોભંગ કે માનસિક રોગો પણ ઉત્પન્ન થવા સંભવ છે.

ભૌતિક સુખોમાંથી મળતો આનંદ માત્ર ભ્રાંતિ જ છે. આનંદનો ઓછાયો છે, પતનનો પથ છે ભૌતિક-વાસના અને વ્યસનના ત્યાગમાં સાચું સુખ સમાયું છે.

સુવિચાર

- કોઇની હેતાળ યાદ રેતાળ જીવનને બાગમાં ફેરવી નાખે છે - **ટાગોર**
- સાચા પ્રેમને 'ચિરંજીવ' રહેવાનું વરદાન હોય છે - **હૃદયસૂત્ર**
- ઘણીવાર સમસ્યા આપણને નથી શોધતી પણ આપણે જ સમસ્યાને શોધતા હોઇએ છીએ - **શીવખેરા**
- ગઇકાલની ચોટ આવતીકાલનું સચોટ પરિણામ બની શકે - **નવનીત**
- ઉપકારનો ઉજાસ ક્યારેય ઝાંખો નથી પડતો - **એસ. ભટ્ટાચાર્ય**
- નિઃસ્વાર્થ અને નિર્વ્યાજ લાગણી એટલે જ પ્રેમ - **મોરારિ બાપુ**
- સહાનુભૂતિનું સગપણ ક્યારેક લોહીના સગપણ કરતાં પણ મૂલ્યવાન હોય છે - **ધર્મસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર આપણે નાની વાતમાં કે વિના કારણ વધારે પડતા ઉશ્કેરાઇ જઇએ છીએ. 'ક્રોધ ગુસ્સો' પર કાબૂ રાખવા ઘણા સમજુ લોકો અવનવી ટેકનીક-નૂસખા અપનાવતા હોય છે કોઇ ભગવાનનું નામ સ્મરણ કરે, કોઇ ૧ થી ૧૦ ગણે, વગેરે.. ખરેખર તો આત્મ સંયમથી પોતાના સ્વભાવ-ક્રોધ પર કાબૂ રાખવો જોઇએ..

ફ્રાન્સના સરંક્ષણ પ્રધાન ડ્યૂક-ડી-પોરસી એક નેક અને નિષ્ઠાવાન, મહેનતુ હતા. એમની એક નબળાઇ હતી, સામેની વ્યક્તિ સત્ય ન સમજે કે દલીલ કરે તો ડ્યૂકનો ઉશ્કેરાટ કાબૂ બહાર થઇ જાય અને વધારે પડતા બૂમ બરાડા પાડે.

એમણે પોતાની સાથે કામ કરતા પોતાના જ એક કેપ્ટન મિત્રને અંગત મદદનીશ તરીકે રાખ્યો હતો જે સતત ડ્યૂકની સંભાળ રાખતો.

એક એડમીરલ સૈન્યની બાબતે કંઇક ફરિયાદ લઇ ડ્યૂક સાથે ચર્ચા કરતા હતા. વાત વણસી-ડ્યૂક ગૂસ્સે થયા. બૂમ બરાડા અને ડ્યૂકનો ચહેરો જોઇ-અંગત મદદનીશ તરત એક અગત્યની ટપાલ લઇ આવ્યો અને સોરી કહી ડ્યૂકને ટપાલ આપી. પાણી આપ્યું. ડ્યૂકે ટપાલ વાંચી-શાંત થયા પાણી પીધું અને એડમીરલની વાત સ્વીકારી-રજા આપી.

એડમીરલે જતાં જતાં ડ્યૂકને પુછ્યું, આપશ્રીને વાંધો ન હોય તો કહો એ ટપાલમાં એવું શું લખ્યું હતું જેથી આપનામાં આવું પરિવર્તન આવ્યું!

ડ્યૂક કહે, મારા મિત્ર પીએની વચ્ચે એક સમજ રાખી છે હું ગુસ્સે થાઉં ત્યારે મને યાદ અપાવે-એણે આવાં જુદા જુદાં કવર બનાવી રાખ્યાં છે અને એમાં એક ચિઠ્ઠીમાં લખ્યું હોય છે. આપણને ગુસ્સે થવાનું નથી.. અને હું કાબૂ મેળવી લઉં છું.

Email - sureshchandrabhatt18@gmail.com

'અતિ સર્વત્ર વર્જયેત : તે આજની મોમ ક્યારે સમજશે?'

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

વેકેશનનો માહોલ છે એટલે મમ્મીઓ અને કચ્ચા-બચ્ચા માટે સ્વર્ગ સમાન દિવસો થયા. નહી વહેલાં ઊઠવા કે સૂવાનું ટેન્શન કે નહી ટિફિન બોક્સમાં રોજ નવું શું આપવું તે વિશે વિચારવાની રામાયણ. નહી રિક્ષા કે સ્કૂલ બસ સમય સર આવ્યાં કે તેની ચિંતા. સવાર-સાંજ ફ્રેન્ડસ સાથે હલ્લા-ગુલ્લા. મોલ, મૂવી અને મ્યુઝિક મસ્તીના દિવસો. ખાઓ, પીઓ ઔર એશ કરો. બસ મસ્તી કી પાઠશાળા. ખરું ને? પણ ખરેખર વાસ્તવિકતામાં તેવું છે ખરું? આજની મોડર્ન મોમ બચ્ચાંઓના વેકેશનને મસ્તી કી પાઠશાળા રહેવા દે છે ખરી?

એક ફ્રેન્ડ છે. હસબન્ડ વાઈફ બન્ને ડોક્ટર. તેમને એક જ દીકરી છે. એટલે સ્વાભાવિકપણે જ તે તેમની આંખો કા તારા સમાન છે. બેબી માટે તેઓ ઓવર કોન્શિયસ છે. બેબીને બધી જ તાલીમ મળવી જોઈએ. તે જરા પણ કોઈ સબ્જેક્ટ કે એક્ટિવિટીમાં બીજાથી પાછળ ન રહેવી જોઈએ. નહીતર અમારી ઈજ્જત શું? આફ્ટર ઓલ તે એડયુકેટેડ પેરેન્ટસની દીકરી છે. અમારી બેબી પરફેક્ટ હોવી જોઈએનો નાદ તેમને વળગ્યો છે. એટલે વેકેશનમાં પણ બેબીએ સવારે છ વાગે ઉઠીને સ્વિમિંગમાં જવાનું કારણ તો પછી આખો દિવસ તેના મોમ-ડેડ પાસે સમય ન હોય ને! સ્વિમિંગમાંથી આવીને તરત બ્રેકફાસ્ટ લઈને બે કલાક આઠથી દસ સ્ટોરી બુક વાંચવાની જેથી તેની કલ્પના શક્તિ ખીલે. દસથી બાર જનરલ નોલેજની બુક વાંચવાની કારણ જી.કે. પુઅર હોય તો કોમ્પિટિટિવ એક્ઝામમાં બેબી પાછળ રહી જાય ને! બેબીને ફ્રેશ થવું પણ જોઈએ તેથી બપોરે એક કલાક આઈપોડ પર ગેમ રમવાની છૂટ. પછી સાંજે ચાર વાગે કલાસિકલ ડાન્સ ક્લાસમાં જવાનું. યુનો અમને અમારી સંસ્કૃતિ માટે અમને ગર્વ છે. તેથી બેબીએ પણ આપણી સંસ્કૃતિના વારસાને જાણવો-સાચવવો જોઈએ. તેને ફિઝિકલ એક્સરસાઈઝ મળી રહે, બેબીનું બોડી ટોન્ડ રહે તે માટે સાંજે છ થી આઠ સ્કેટિંગ કે એરોબિકસ ક્લાસ. રાતે સૂતા પહેલાં મેથ્સ પાવરફુલ બનાવવા ઉખાણા કે સુડોકુ સોલ્વ કરવાના. બેબીની દિનચર્યાનું ટાઈમ ટેબલ જાણે કોઈ વી.આઈ.પીની સેક્રેટરીની ડાયરી? આટલા દસ વર્ષના બાળકના માથે આટલો ભાર? લાગે છે કે બિલ ગેટ્સ કે બરાક ઓબામાનું રોજનું ટાઈમ ટેબલ આટલું બિઝિ અને લેન્ધી નહી હોય!

આજની યમ્મી મમ્મીના જ નહીં પણ યંગ ડેડના મનમાં પણ એક ફોબિયા ઘૂસી ગયો છે કે મારાં બાળકને બધું જ આવડવું જોઈએ, હી ઓર શી વુડ બી પરફેક્ટ ઈન ઈચ એન્ડ એવરીથીંગ, એટલે વકેશન કદાચ બાળકો માટે જેલ સમાન બની રહ્યું છે

માન્યું કે વેકેશનમાં બાળક થોડી ઘણી નવી -વૃત્તિ શીખે તો કંઈ ખોટું નથી. પણ બાળકની પસંદગીના એક બે કલાસના બદલે તેના માથે આટલી બધી વસ્તુ શીખવાનો ભાર નાખવો તે ક્યાંનો ન્યાય? સ્કૂલ ડેઈઝમાં બાળક સરેરાશ સાત-આઠ કલાક સ્ટડી, હોમવર્ક તથા ટ્યૂશન કલાસીસમાં બિઝી રહેતું હોય તેને વેકેશનમાં પણ આરામ આપવાના બદલે સાત-આઠ કલાકના બદલે દસ-બાર કલાક બિઝી કરી દો તે ક્યાંનો ન્યાય? પોતાના બાળકના રસ-રુચિ શેમાં છે તેની જાણ જરૂર માતા-પિતાને હોવી જોઈએ, પરંતુ આજકાલના એડયુકેટેડ પેરેન્ટસના મનમાં પરફેક્શનનો ફોબિયા સ્ટોર થઈ ગયો છે. લાગે છે કે તેમને પણ ફિલ્મ સ્ટાર આમિર ખાનની જેમ પરફેક્શનનું ભૂત વળગ્યું છે. અથવા ઘણાં પેરેન્ટસ પોતાના બાકી રહેલાં સપનાં પોતાના બાળક પર થોપે છે. હું નાની કે નાનો હતી કે હતો ત્યારે મને આ કે તે શીખવાનો ચાન્સ ન મળ્યો હતો. એટલે મારે તો મારા બાળકને આ તો શીખવવું જ છે. કેમ ભાઈ કે બહેન બાળક એ તમારા અધૂરા સપના પૂરા કરવાની નિરસણી છે? તો ઘણીવાર પેરેન્ટસ એવું વિચારે છે કે અમને જે કરવા-શીખવાની ધગશ કે હોંશ હતી તે અમારા પેરેન્ટસ અમારા માટે કરી શકયા નહી એટલે મારા બાળકના કોઈ સપના અધૂરા રહેવા ન જોઈએ. અથવા તો અમારા પેરેન્ટસે અમારા વિશે કશું વિચાર્યું જ ન હતું. એટલે અમારા બાળકને માટે અમે નહી વિચારીએ તો કોણ વિચારશે? પણ પેરેન્ટસ એ વિચારવાનું ભૂલી જાય છે કે મારા બાળકના સપના મારા સપના કરતા અલગ હોય શકે. કયારેક બાળકને પણ પૂછો કે ખરેખર તેને શેમાં રસ છે? તેના શું સપના છે? અને બધી જ એક્ટિવિટીઝમાં તેને જોડી દેશો તો કદાચ તેવું પણ બને કે તે એક પણમાં નિપૂણતા મેળવી ન શકે. પેલી અંગ્રેજી કહેવત છે ને, ઈટસ બેટર ટુ બી એન એસ ઓફ સમથીંગ ધેન ટુ બી અ જેક ઓફ ઓલ. કોઈ એકમાં નિપુણતા મેળવવી સારી નહી કે બધાંના ગુલામ બની રહેવું તે વાત પેરેન્ટસ જે દિવસે સમજશે તે દિવસે આ કલાસિસના અને તે ક્લાસિસ અને પરફેક્શનના ભૂત ધૂણતા બંધ થશે.

કમ્પ્યુટરમાં તેની સ્ટોર સિસ્ટમ એટલે કે હાર્ડ ડિસ્કમાં તેની કપેસિટી કરતા વધારે ડેટા નાંખો તો કમ્પ્યુટર હેન્ગ થઈ જાય. તે આજના માતા-પિતા જાણે છે પણ બાળકના મગજમાં તેની કેપીસીટી કરતાં વધારે ડેટા નાખવામાં આવે તો બાળક પણ હેન્ગ કે કધફ્યુઝ થઈ જાય તે કેટલાં પેરેન્ટસ સમજતા હશે? વળી કમ્પ્યુટરને પણ રીફ્રેશ થવાની જરૂર પડતી હોય છે. તો બાળકને આખું વર્ષ ભણ્યા પછી રીફ્રેશ થવા માટે વેકેશનમાં નિરાંતનો સમય નહી આપવાનો? થોડોક માનિસક આરામ પછી બાળક વધુ જોશ અને ઉષ્માથી સભર બનશે. તેની એનર્જી વધુ ખીલશે તે વેકેશનનો સદુપયોગ કરવાની લાઝ્ઝામાં પેરેન્ટસ બાળકનો દૂરુપયોગ કરે છે તે ભૂલતા જાય છે. વળી બાળક આજુબાજુના બીજા બાળકો સાથે રમે-લડે- હરે-ફરે તે પણ જરૂરી છે ને! કારણ બાળક બીજા તેની હમ ઉમ્રના જ નહી બીજા નાના-મોટા લોકો સાથે ભળશે નહી તો તેનું સામાજિક અનુકૂલન કેવી રીતે શકય બનશે? પછી તો એવી પરિસ્થિતિ થશે કે બાળકને બધું જ નોલેજ હશે પણ બાજુમાં બેઠેલા કલાસમેટ સાથે કેમ વાત કરવી તે ખબર નહી હોય. ઘરે આવેલાં મહેમાન સાથે કેમ વાત કરવી તે નહિં જાણતા હોય કે કારણ તેણે તેના કલાસ નથી કર્યા. બાળકના મગજમાં તે ઠસાવવાની જરૂર નથી કે બધું કલાસમાં જવાથી જ શીખી શકાય. બાળકને ઘરે નાના કામ સોંપીને પણ તેને ઘણું બધું શીખવી શકાય છે. જેમ કે તેનો રૂમ વ્યવસ્થિત રાખતા શીખવવું, કમ્પ્યુટર-ટેબ્લેટ વગેરે ઈલોક્ટ્રોનિક્સ ગેજેટસની કેવી રીતે સંભાળ લેવી. ઘરની નજીકની દુકાનમાંથી નાની-મોટી ચીજ વસ્તુ ખરીદવી, ચા બનાવવી વગેરે. બાળક નાના-મોટા કામ કરતા શીખશે તો આપોઆપ તેનામાં જવાબદારી, ચોકસાઈ વગેરેના ગુણ ખીલશે.

આજથી દસ-વીસ વર્ષ પહેલાં તો આવું ન હતું. કારણ ત્યારના માતા-પિતાને પોતાનું બાળક બધામાં શ્રેષ્ઠ છે તે સાબિત કરવાની જરૂર ન હતી જણાય. બાળક વેકેશનના સમયે મિત્રો-સગાંવ્હાલાં સાથે હળતો મળતો અને રમતો. ઘરે મહેમાન આવતા કે તમે કશે મહેમાન બનીને જાવ એટલે ઘણી વસ્તુ આપોઆપ બાળકો શીખતા. જેમ કે ઘરે ઠતા વેંત મમ્મી દૂધનો ગ્લાસ આપતી હોય તે કોઈના ઘરે ગેસ્ટ બનીને જાવ તો કદાચ ન પણ મળે. આવી નાની મોટી વાત બાળક શીખે તો જે તે પરિસ્થિતિ સામે લડવાની તેની નૈતિક તાકત વધે. મોટા થઈને ભવિષ્યમાં અનેક નાની મોટી તકલીફો સામે કેવી રીતે કામ પાડવું તેની સમજ પણ કેળવાય. કબૂલ આજથી દસ વીસ વર્ષ પહેલાં અત્યારે છે તેટલી કોમ્પિટિશન ન હતી તેવું બધાં જ પેરેન્ટસ તેના બચાવમાં કહેતા હોય છે. ઓ.કે. ત્યારે અત્યારે છે તેવી કોમ્પિટિશન ન હતી પણ આ બધી કોમ્પિટિશન ભી કરવામાં ફાળો કોનો? ટીચર્સ, પેરેન્ટસ અને કલાસની હાટડીઓ ખોલીને બેઠેલાં વેપારીઓનો. હકીકત એ છે કે આજની યમ્મી મમ્મીના જ નહી પણ યંગ ડેડના મનમાં પણ એક ફોબિયા ઘૂસી ગયો છે કે મારાં બાળકને બધું જ આવડવું જોઈએ. હી ઓર શી વુડ બી પરફેક્ટ ઈન ઈચ એન્ડ એવરીથિંગ. એટલે વેકેશન કદાચ બાળકો માટે જેલ સમાન બની રહ્યું છે. માન્યું કે આ યુગ નોલેજ વધારવાનો કે ગેઈન કરવાનો છે તેવું બધાંજ સ્વીકારે છે પણ તેની લિમિટ તો હોય ને! કારણ કે અતિ તે વિનાશનું મૂળ છે. તેથી કહેવાય છે ને અતિ સર્વત્ર વર્જયતે! આશા રાખીએ કે આજના યંગ પેરેન્ટસ શકય એટલા જલદી આ વાત સમજી લે તો બાળકને વેકેશનમાં ખીલવાનો-ખૂલવાનો સમય મળશે.

મારી હરહંમેશ એજ વિચારધારા રહી છે કે જે આપણને ગમે, જેમાં આનંદ મળે તેવી પ્રવૃત્તિ જ કરવી

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

જો મા તે મા છે તો પિતા પણ પિતા છે. સંતાનોના ઘડતરમાં પિતાનો ફાળો નાનો સૂનો નથી. મોભ ઉપ ખીલા જડાય છે ત્યારે તેની પૂજા થાય છે! ઉદ્યોગકાર શ્રી મનોજભાઇ પોતાના પિતા માટે મંતવ્ય આપતા કહે છે કે, "હું હર હંમેશ મારા પિતાશ્રીથી ખૂબ જ પ્રભાવિત થયો છું અને તેના માટે પુસ્તક લખવું પડે. શ્રી મનોજભાઇના પિતાશ્રી ત્રિભોવનભાઇ. માતા શાન્તાબહેનના આ સુપુત્રનો જન્મ તા. ૨૦-૧૧-૧૯૬૦ના રોજ થયો. મૂળ વતન હરીયાસણ."

બ્રાસપાર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી મનોજભાઇ એ DME PDICE નો અભ્યાસ કર્યો છે. તા. ૧૫-૦૨-૧૯૮૫ના શુભદિને તેઓ રાજકોટમાં પલ્લવીબેન સાથે સંસારયાત્રી બન્યા. પુત્ર અપૂર્વ અને પુત્રી ફોરમના માતાપિતા પરિવાર, સમાજ સાથે હર્યુભર્યુ જીવન જીવી રહ્યા છે. "સમય બળવાન છે એટલે કોમ્પ્યુટર અતિ જરૂરી છે પણ માનવજીવનમાં તાણનું પ્રમાણ ઘણું વધ્યું છે." ઉક્ત પ્રતિભાવ છે શ્રી મનોજભાઇનો. વાંચન માટે સમય બચાવી લેતા શ્રી મનોજભાઇને "તારક મહેતા કા ઊલટા ચશ્મા" સિરીયલ જોવી ગમે છે.

ક્ષણે ક્ષણે પિતાની પ્રભાવિત ઉદ્યોગપુરૂષ શ્રી મનોજભાઈ પેશાવરીયા

બાધા, આખડી, માનતા જરા પણ રસ ન ધરાવનારા તેઓ મહાદેવના સ્મરણ સાથે સોમવારે એકટાણું અવશ્ય કરે છે. સાથે સાથે ક્યારેક શિવજીના સાંનિધ્યમાં લઘુરૂદ્ર પણ કરે છે.

ભારતમાં દિલ્હી, મુંબઇ, કર્ણાટક, હિમાચલપ્રદેશ, ઉત્તરાંચલ, કેરાલા, ગોવામાં સ્વૈર વિહાર કરી ચૂકેલા શ્રી મનોજભાઇ યુરોપ, યુ.કે,. અમેરિકા, જાપાન, ચાઇના, સિંગાપોર, બેંગકોક અને સાઉથ આફ્રિકામાં વ્યવસાય અર્થે પ્રવાસ કર્યા છે.

જામનગરમાં તેઓ શ્રી વિશ્વકર્યા એજ્યુકેશન ટ્રસ્ટ અને ચેમ્બર ઓફ કોમર્સ સંસ્થામાં સક્રિય રહી સેવા બજાવી રહ્યા છે. શ્રી મનોજભાઇ સિદ્ધનાથ મહાદેવના પરમભક્ત છે. એકવાર મંદિરેથી દર્શન કરી સ્કૂટર ઉપરથી પરત આવતા હતા ત્યારે બેલેન્સ ગુમાવ્યું અને પડી ગયાં. પાંસળી તથા હાથમાં ફ્રેકચર થયેલું. આ ક્ષણોને શ્રી મનોજભાઇ આજે પણ ભૂલ્યાં નથી.

પેશાવરીયા એકસપોર્ટ પ્રા.લી.ને EEPC તરફથી Best Exporter ના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. ચા પીવાથી મગજનો થાક ઉતરી જાય છે અને સ્ફૂર્તિ આવે છે એ વાત બિલકુલ ખોટી છે. તેના માટે અનેક સંશોધન પણ થયાં છે. આ બાબતે શ્રી મનોજભાઇ પણ સમર્થન આપતા કહે છે કે "મેં ચા ન પીવા માટે હર હંમેશ વિરોધ કર્યો છે ચાહે કુટુંબ હોય કે સમાજ!"

શ્રી મનોજભાઇને સંજોગાવશાત્ ધો.૧૨માં (વિજ્ઞાનપ્રવાહ) ડ્રોપ લેવો પડ્યો હતો. ઘર બેસી અભ્યાસ કરવામાં એકાગ્રતા ન લાગતા ગુજરાતની ગૌરવસમી ભાવનગરની ભાવસિંહજી પોલિટેકનિક કોલેજમાં પ્રવેશ મેળવી ફાઇનલ વર્ષમાં મિકેનિકલ વિષયમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓએ અને માતાપિતાએ શ્રી મનોજભાઇની આ ઘટનાથી પ્રેરણા લઇ સંતાનોને પાઠ આપવા જોઇએ.

શ્રી મનોજભાઇની શૈક્ષણિક ઘટનાથી મને સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ આવે છે.

"જ્ઞાની માણસોનું કામ પોતાના દોષો શોધી કાઢવાનું છે."

શ્રી મનોજભાઇ ભારતના લોકલાડીલા પૂર્વ વડાપ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીના વ્યક્તિત્વથી બહુ જ પ્રભાવિત છે. તેઓ જીવન સ્વપ્નની ફળશ્રુતિ અંગેના ચિંતનને પણ સુંદર શૈલીમાં પ્રગટ કરે છે : "હાલમાં મારી હરહંમેશ એજ વિચારધારા રહી છે કે જે આપણને ગમે, જેમાં આનંદ મળે તેવી પ્રવૃત્તિ જ કરવી."

ઉમદા વિચારક શ્રી મનોજભાઇ પોતાના વિચારો સાકાર કરતા રહે તેવી શુભેચ્છા-અભિનંદન. તેમના મો.ન. છે ૦૯૮૨૫૨૧૦૩૯૮ તેમના માતાપિતા વિશેની સંવેદના અને આદર રજૂ કરતા શ્રી મનોજભાઇ નોંધે છે કે, "પિતા સ્વ. ત્રિભોવનભાઇ અને માતા ગં. સ્વ. શાંતાબહેન મારામાં નાનપણથી સંસ્કાર, શિક્ષણ પ્રત્યે જાગૃતિ અને એક પ્રેરણાને હિસાબે જ હું જયાં છું તેનો તમામ યશ તેઓને આપું છું."

ઘણાં તો વાર્ષિક તિથિ ઉજવે ત્યારે બેસણાં જેવી ગંભીરતા ના હોય, જમણવાર રાખ્યો હોય એટલે સહુ પેટ ભરીને ખાય, ટોળટપ્પા મારે પણ મૃતકના ફોટા સામે જુએ નહિં

ચેતનાનો સમય

મારું બેસણું

પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

બેસણાના બાજોઠે બેસાડ્યો હશે,
ફોટો મારો, સુખડનો હાર અને,
ધૂપસળી મોંઘીદાટ, દીવો ઘીનો
ટમટમ!

- શંભુપ્રસાદ જોષી

નાયબ ભાષાનિયામક પદેથી નિવૃત્ત થયેલા શંભુપ્રસાદ જોષી લિખિત બેસણા વિષે કટાક્ષ કરતું એક કાવ્ય વાચકોને હસાવે તેવું છે. મારા મિત્ર શાંતિલાલ સવારના પહોરમાં છાપું આવે એટલે તેમના ધર્મપત્નીને કહે જો તો ખરી આજે કોનું બેસણું છે? રખે ને આપણા કોઇ ઓળખીતા-પાળખીતા ગુજરી ગયા હોય ને આપણે બેસણામાં ના જઇએ તો ખોટું લાગે ને! ખોટું ના લાગે એટલે જ ઔપચારીકતા નિભાવવા બેસણામાં હાજરી નોંધાવવી પડે. બેસણા વિષે લેખ લખતાં વિચાર આવ્યો કે મારી તબિયતમાં સયોડિયા જેવી તેજીમંદી આવ્યા કરે છે. ક્યારે ઉપરથી તેડું આવે કહેવાય નહિં, એટલે એક મોટોમસ ફોટો પડાવી મઢાવીને ડ્રોઇંગરૂમમાં ગોઠવી દઉં. ફોટો તૈયાર હોય તો પરિવારજનોને દોડાદોડ થાય નહિં. આપણે રોજેરોજ છાપાઓમાં સ્વર્ગવાસે સીધાવેલ વ્યક્તિઓનાં બેસણાંની જાહેરાત જોઇએ છીએ. બેસણાની તારીખ, સ્થળ અને સમયની સાથે એક ફોટો છાપેલો હોય.

કવિશ્રીએ બેસણાં વિષે કાવ્યમાં મજાની વાત કરી છે.

"છાપું લઇને બેઠો, જાણ્યું,
વળી વધુ કેટલાકે
જગ થકી વિદા લીધી."

કવિશ્રી સ્વગત કહે છે કે આજે કેટલાનાં મૃત્યુ થયાં અને મૃતકોના બેસણાની જાહેરાત જોઇને કહે છે કે આજે કેટલા જણાએ આ જગતમાંથી કાયમી વિદાય લીધી એ સમાચાર છાપામાંથી જાણવા મળ્યા. પછી કવિશ્રી પોતે જ કલ્પના કરે છે કે એક દિવસ મારું પણ મૃત્યુ થશે અને પોતાનું બેસણું થશે. કવિશ્રીએ પોતાના જ બેસણાની કલ્પના કરીને કહ્યું છે કે -

"બેસણાના બાજોઠ બેસાડ્યો હશે,
ફોટો મારો, સુખડનો હાર, અને
ધૂપસળી મોંઘીદાટ, દીવો ઘીનો
ટમ ટમ!"

મૃત્યુ પામેલ વ્યક્તિનું બેસણું રાખવાનું હોય એટલે મૃત્યુ પામનાર મસમોટો ફોટો તો તૈયાર રાખવો પડે નહિંતર દોડાદોડ થઇ જાય. છેવટે જેવો મળ્યો હોય તેવો તેના રૂપરંગ બદલાવી રૂપાળો કરી મઢાવીને બેસણાંના બાજોઠે બેસાડ્વામાં આવે છે. આ ફોટા ઉપર સુખડનો હાર સામાન્ય રીતે પહેરાવવામાં આવે છે. સુખડનો હાર ના મળે તો ફુલનો હાર ચાલે. બેસણું પતી ગયા પછી ઘરની દિવાલે ફોટો ટીંગાડીને તેના ઉપર સુખડનો હાર તો છેવટે પહેરાવવો પડે. સુખડનો હાર એ સ્વર્ગવાસ થયાનું પ્રમાણપત્ર ગણાય છે.

બેસણાના બાજોઠે ગોઠવેલ ફોટા પાસે લાંબીલસ સુગંધી ધૂપસળી પ્રગટાવાય છે. સ્વર્ગવાસી વ્યક્તિ જાણે કે કુટુંબમાં, સમાજમાં ધૂપસળીની જેમ સળગીને સુવાસ ફેલાવતા ગયા હોય તેવી કલ્પના હશે! વળી એક ચોખ્ખા ઘીનો દીવો પ્રગટાવાશે, દીવો ટમટમ થશે. જાણે કે દીવાની જેમ સળગીને જગતમાં રોશની ફેલાવતા ગયા.

આગળ કવિશ્રી કહે છે કે -

"દીકરાઓ, વહુ વારુ,
સગાંવહાલાં નજીકનાં, બધાંય તે,
દૂધ ધોળા ઝભ્ભાઓ અને
બગધોળી સાડીઓમાં મ્હોરું સજી,
ગાંભીર્યનું, ગોઠવાઇ જશે જાશે-જાણે
ઢીંગલાઓ આવી ભર્યા."

બેસણાનાં દિવસે તો સફેદ વસ્ત્રો પહેરવાનો રિવાજ છે એટલે એક જોડી સફેદ વસ્ત્રો કબાટમાં રાખી મુકવા પડે. મૃત્યુ પામનાર વ્યક્તિના દીકરા, દીકરીઓ, વહુવારુઓ પૌત્રો-પૌત્રીઓ, નજીકનાં સગાંવહાલાં, ઓળખીતાં પાળખીતાં દૂધ અને પગલા જેવી સફેદીવાળા ઝભ્ભા લેંઘા અને બગધોળી સફેદ સાડીઓ પહેરીને બેસણાંના સ્થળે આવીને મ્હોરા ઉપર જાણે કે પોતાને આઘાત પહોંચ્યો હોય, દુઃખ પડ્યું હોય એવો ગંભીર ચહેરો કરીને આવે અને મૃતકના ફોટાને પગે લાગે અને બાજુમાં પડેલાં ફુલ ફોટા ઉપર ચઢાવે. બાજુમાં રાખેલ થાળીમાં એકાદ બે-રૂપિયાઆ, દસ રૂપિયા નાખે અને બાજુમાં બેઠેલા મૃતકના નજીકના સગાંવહાલાંને નમસ્કાર કરે પછી જગ્યા ગોતી બેસી જાય અને ગંભીર મોં રાખીને ઘડીક બેઠા રહે. બેસણાંમાં આવેલા લોકો સ્થિર ઢીંગલાની જેમ ટટ્ટાર બેઠા રહે.

આગળ કવિશ્રી કહે છે કે -

"દુઃખ કેરું,
આવરણ ઓછી લઇ,
ગોઠવી-ગોઠવીને આવું કહેતા હશે!
ખૂબ સારા હતા, ભલા હતા બહુ,
પડી ખોટ પૂરાશે ના!"

બેસણામાં આવનારા આમ તો ચૂપચાપ બેઠા રહે છે, છતાં કોઇક વળી બાજુમાં બેઠેલાંને વાત કરતાં હશે કે ફલાણા કેવા સારા સ્વભાવના હતા. ખૂબ ભલાભોળા હતા. એમની ખોટ પૂરાશે નહિં. આવું બધું બોલવું ય પડે. ભલેને પછી ગમે તેવા હોય. પછી થોડીવાર બેસીને સહુ વારાફરતી ખંખેરીને ચાલતા હશે. વાણા વીતી જશે, બારમા તેરમા પતી જશે અને સહુ પોતપોતાના જીવનચક્રમાં ગોઠવાઇ જશે. મૃતકનો ફોટો મઢાવીને દિવાનખાનામાં લટકાવીને સુખડનો હાર પહેરાવી દેશે અને ભૂલી જશે. ફોટા ઉપર ધૂળ બાજી જશે. દિવાળીએ સાફસુફી થાય ત્યારે ફોટા ઉપર ચોંટેલી ધૂળ ખંખેરી નાંખવામાં આવશે. વળી ઘણાં તો વાર્ષિક તિથિ ઉજવે ત્યારે બેસણાં જેવી ગંભીરતા ના હોય. જમણવાર રાખ્યો હોય એટલે સહુ પેટ ભરીને ખાય, ટોળટપ્પા મારે પણ મૃતકના ફોટા સામે જુએ નહિં.